# પાલનપુર સિવિલ હોસ્પિટલમાં આપ-ભાજપના કાર્યકરો વચ્ચે ઘર્ષણ

## બન્ને રાજકીય પક્ષોના કાર્યકરો વચ્ચે તું તું...મેં મેં...થી ઉત્તેજના

ભારત રત્ન પૂર્વ વડાપ્રધાન અટલબિહારી બાજપાઈજીના જન્મદિનની પાલનપુર શહેર યુવા ભાજપ દ્વારા ઉજવણી કરાઈ હતી. જેમાં પાલનપુર હતા. તેઓ વોર્ડમાં દર્દીઓને ફળો આપી ગેલેરીમાં પરત ફરી રહ્યા હતા. દરમિયાન, આમ આદમી પાર્ટીના કાર્યકરો સિવિલ હોસ્પિટલના ખાનગીકરણના



સિવિલ હોસ્પિટલમાં અટલજીના જન્મદિન નિમિત્તે દર્દીઓને ફળોનું વિતરણ કરવા ગયેલા ભાજપના કાર્યકરો અને ×આપ×ના કાર્યકરો વચ્ચે તું તું...મેં મેં...થતા થયેલા ઘર્ષણને પગલે સિવિલ કેમ્પસમાં ઉત્તેજનાસભર માહોલ છવાઈ ગયો હતો.

પાલનપુર શહેર યુવા ભાજપ દ્વારા અટલજીના જન્મ દિવસની અનેરી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે યુવા ભાજપના કાર્યકરો સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને ફળોનું વિતરણ કરવા ગયા વિરોધમાં સુત્રોચ્ચાર કરતાં ત્યાં આવી પહોચ્યા હતા. જેના પગલે બંને પક્ષના કાર્યકરો સામસામે આવી ગયા હતા. જેમની વચ્ચે શાબ્દિક ટપાટપી બાદ તુ..તુ..મૈ..મૈ.. ઉપર ઉતરી આવતાં સિવિલ સંકુલમાં ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી હતી. જોકે, કેટલાક સમજુ કાર્યકરો અને સિવિલ હોસ્પિટલના સિક્યુરીટીએ દરમિયાનગીરી મામલો થાળે પાડયો હતો. આ ઘટનાને પગલે ભારે ચકચાર મચી જવા પામી હતી.

# પ્રધાનમંડળની રચનામાં સાબરકાંઠાને ઠીંગો

## હિંમતનગર, પ્રાંતિજ અને ઈડર બેઠક ભાજપ જીતી હોવા છતાં અવગણના : જિલ્લાવાસીઓની આશા અપેક્ષા પર પાણી ફરી વળ્યુ : ફરીથી પ્રધાનમંડળનું વિસ્તરણ થાય ત્યા સુધી રાહ જોવી પડશે

હિંમતનગર, તા.૨૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પૂર્વે થયા બાદ મંગળવારે ગાંધીનગર ખાતે વડાપ્રધાન, અન્ય કેન્દ્રીય નેતાઓ તથા ભાજપ શાસિત રાજયોના મુખ્યમંત્રીઓની ઉપસ્થિતિમાં ચૂંટાયેલા સભ્યોની હાજરીમાં નવા પ્રધાન મંડળના કેબીનેટ અને રાજયકક્ષાના મંત્રીઓએ સપથ લીધા છે ત્યારે તેમાં સાબરકાંઠાને પ્રતિનિધિત્વ મળ્યું નથી. જેના કારણે જિલ્લાવાસીઓમાં નારાજગી પ્રસરે તે સ્વાભાવિક છે. જો કે પ્રધાન મંડળમાં સ્થાન ન મળવા પાછળના કારણો અંગે લોકો અલગ-અલગ રીતે મુલવણી કરે છે.

આ અંગેની વિગત એવી છે કે તાજેતરમાં યોજાયેલી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં સાબરકાંઠાની ચાર પૈકી હિંમતનગર, પ્રાંતિજ અને ઈડર બેઠક પર ભાજપના ઉમેદવાર વિજયી બન્યા છે. પરંતુ તેઓ કોંગ્રેસમાંથી ચૂંટણી લડીને જીત્યા હોવાને કારણે વિધાનસભામાં વિરોધ પક્ષમાં બેસશે. દરમિયાન ગુજરાતમાં ભાજપને બહુમતી મળ્યા બાદ નવી સરકારની રચના મંગળવારે ગાંધીનગરના સચિવાલય સંકુલમાં કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, લાલકૃષ્ણ અડવાણી, નીતિન ગડકરી, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, કેશુભાઈ પટેલ, શંકરસિંહ વાઘેલા સહિત અન્ય રાજયોનાં મુખ્યમંત્રીઓની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી તરીકે વિજય રૂપાણી, ઉપમુખ્યમંત્રી તરીકે નીતિનભાઈ પટેલ, ૭ કેબિનેટ મંત્રી અને ૧૦ રાજયકક્ષાના મંત્રીઓએ હોદ્દાના શપથ લીધા છે ત્યારે તેમાં સાબરકાંઠા જિલ્લાની બાદબાકી ઊડીને આંખે વળગી છે.

જો કે પ્રધાનમંડળમાં સાબરકાંઠાને પ્રતિનિધિત્વ ન મળવાની ઘટનાને જિલ્લાવાસીઓ વિવિધ રીતે મુલવણી કરે છે. કેટલાકનો મત એવો છે કે પાટીદાર અનામત આંદોલનને લઈને ઉત્તર ગુજરાતમાં બનેલી ઘટનાઓને કારણે સત્તાધારી ભાજપ પક્ષ માટે વિધાનસભાની ચૂંટણીઓમાં કપરા ચઢાણ હતા. જેની અસરો પણ ચૂંટણીના પરિણામો પરથી જણાઈ આવી છે. પરંતુ તેમાં સાબરકાંઠાની ત્રણ સીટ પર ચૂંટાયેલા બે ઓબીસી અને એક એસસીનો પ્રધાન મંડળમાં સમાવેશ કરાયો નથી. તેનો અર્થ એ થાય છે કે ભાજપમાંથી ચૂંટાયેલા પ્રતિનિધિએ આગામી સમયમાં સરકારના વિકાસ કામોને આગળ ધપાવી મતદારો સુધી પહોંચાડવું પડશે. જેનું સમયાંતરે મુલ્યાંકન કરવામાં આવશે. અને જો તેમાં સારો દેખાવ હશે તો આગામી સમયમાં પ્રધાન મંડળનું વિસ્તરણ થાય ત્યારે તેમાં સાબરકાંઠાને પ્રતિનિધિત્વ મળી શકશે.

ઉલ્લેખનીય છે કે મંગળવારે ગાંધીનગર ખાતે યોજાયેલ પ્રધાન મંડળમાં સાબરકાંઠા સહિત જૂનાગઢ અને અમરેલી જિલ્લાની પણ બાદબાકી થઈ છે. જોકે અન્ય જિલ્લાઓમાં તેના કારણો અલગ હોઈ શકે છે. હવે જોવાનું એ રહે છે કે વર્ષ ૨૦૧૯માં લોકસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે તેમાં ભાજપની વિચારધારા ધરાવતા પક્ષના કાર્યકરો અને પદાધિકારીઓ કેવી કામગીરી કરશે તેના પર લોકસભાની ચૂંટણીનું ભાવિ નક્કી થશે.



સાબરકાંઠાના હિંમતનગર પાસે આવેલ કાકરોલમાં સ્વામિનારાયણ મંદિરે આજથી સાત દિવસ માટે બ્રહ્મસ્વામીના સાનિધ્યમાં વિવિધ સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમો યોજાશે તે પૂર્વે મંદિર ને રોશનીથી શણગારવામાં આવ્યું છે.

# ઉતર ગુજરાતમાં ઘરફોડ ચોરી કરનાર આરોપી પાલનપુરથી ઝડપાયા

પાલનપુર, તા.૨૬

તસવીરો માં દેખાતા આ માસૂમ ચેહરા પાછળ છુપાયેલા છે રીઢા ગુન્હેગારનું શાંતિર દિમાગ. આ બંને શખ્સો બીજા કોઈ નહી પરંતુ ગુજરાત માં અલગ અલગ જગ્યાએ ૨૨ જેટલી ચોરીઓને અંજામ આપનાર અને પોલીસ ને પણ દોડતી કરનાર રીઢા ચોર. આજથી બે મહિના અગાઉ બનાસકાંઠા ના ડીસા માં આવેલ ડૉ. અંકિત કેલા તેમના પરિવાર સાથે ફરવા ગયા હતા અને તે દરમ્યાન તેમના ઘરે ચોરી થઈ હતી જેમાં તેમના ઘર ની અંદર તિજોરી માં પડેલા સોના ચાંદી ના દાગીના સહિત કુલ ૭.૭૫ લાખ ની ચોરી થતા પોલીસ પણ હરકત માં આવી ગઈ હતી. પોલિસે આ ચોરી ને ઉકેલવા માટે માઈક્રો પ્લાનિંગ કર્યું હતું. અને તસ્કરો ને શોધી કાઢવા રાત દિવસ કડી મહેનત કરવા લાગી.જેમાં પોલીસ ને ડૉ. કેલા ને ત્યાં આવજા કરતો અને શિવમ લેબોરેટરી માં નોકરી કરતો અશોક શાંખલા પર શંકા જતા તેની પૂછપરછ કરતા તેને આ ચોરી કાબુલી લીધી હતી.

જેમાં તેણે અન્ય ઘરફોડ ચોરી ના રીઢા ગુન્હેગારો સાથે મળી ચોરી ને અંજામ આપ્યો હોવાનું કબુલ્યું હતું. એટલુંજ નહીં પરંતુ ચોરી કરતા પૂર્વે ૨ દિવસ સુધી ચોરી કરવાની તે સ્થળ ની રેકી , સ્થળ નું વિડિઓ શૂટિંગ કર્યા બાદ કઈ જગ્યાએ સી ડી છે, કઈ જગ્યાએ થી ચડવું વિગેરે નું ફૂલ પ્લાનિંગ સાથે ચોરી ને અંજામ આપ્યો હોવાનો ખુલાસો કર્યો છે. પોલીસ આ મામલે તપાસ કરતા અશોક સાંખલા સાથે કાળુજી ઠાકોર, જયેશગીરી ગોસ્વામી, કિશોર લુહાર ઉર્ફે કે કે અને યોગેશ પઢીયારના નામ બહાર આવતા પોલીસે બે આરોપીઓને સોના ચાંદીના દાગીના સહિત કુલ ૨.૭૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે જ્યારે અન્ય ત્રણ આરોપીઓની શોધખોળ ચાલુ છે એ તમામ આરોપીઓ રીઢા ગુન્હેગરો છે જેમાં આ આરોપીઓ એ ગુજરાત માં અન્ય ૨૨ જેટલી જગ્યાએ નાની મોટી ચોરીઓને અંજામ આપ્યો હોવાનું બહાર આવતા પોલીસને ચોરી ના ગુન્હાઓ ઉકેલવામાં મોટી સફળતા મળી છે.



## મંત્રી કૌશિકભાઇ પટેલે ઉંઝા મુકામે ઉમિયા માતાજીના દર્શન કર્યા

આજે શપથ વિધિ પુર્ણ થયા બાદ તુરંત રાજ્ય સરકારના કેબીનેટ મંત્રીકૌશિકભાઈ પટેલ તેમના પરિવાર ધર્મપત્ની મીનાબહેન પટેલ સાથે ઉંઝા આવી ઉમિયા માતાજીના દર્શન કર્યા હતા. મંત્રી કૌશિકભાઈ પટેલે ઉંઝા મુકામે ભક્તિ ભાવપૂર્વક માં ઉમિયાના દર્શન અને પૂજા-અર્ચના કરી હતી. મંત્રીએ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી 'માં ઉમિયા' સમાજને, રાષ્ટ્રને જોડવાની પ્રેરણા તથા શકિત આપે અને ગુજરાતીઓ તેમજ ગુજરાત રાજ્ય સમગ્ર ભારતમાં વિકાસના નવા સોપાન સર કરે તેવી પ્રાર્થના કરી હતી. રાષ્ટ્ર સમૃધ્ધ અને શક્તિશાળી બને અને ગુજરાત વિકાસની નવી ઉચાઈઓ સર કરે તેવી મનોકામના મંત્રીએ વ્યકત કરી. આ પ્રસંગે મહેસાણા જિલ્લા કલેકટર એચ.કે.પટેલ, સુરત કલેકટર મહેન્દ્ર પટેલ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ઈટાડી ગામે મંગળવારે સવારે બંધ મકાનમાં આગ લાગતા ઘર માંથી ધુમાડાના ગોટે ગોટા નીકળતા ભારે અફડાતફડી મચી હતી ગામ લોકોએ આગને હોલવવા પ્રયત્ન કરતા આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા મોડાસા ફાયરબ્રિગેડ ને જાણ કરતા તાબડતોડ ઘટનાસ્થળે ધસી આવી ભારે જેહમત બાદ આગ પર કાબુ મેળવવામાં સફળતા મળી હતી ઘરમાં પરિવારજનો કામકાજ અર્થે બહારગામ ગયા હોવાથી સદનસીબે જાનહાની ટળી હતી આગમાં ઘરમાં રહેલી ઘરવખરી સહીત માલસામાન બળીને ખાખ થઈ જતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું.

## સારોલીમાં ખેતરમાંથી નીકળવાની બાબતે ઝઘડો થતા ચાર વિરુદ્ધ ફરીયાદ

હિંમતનગર, તા.૨૬

વિજયનગર તાલુકાના સારોલી ગામે સોમવારે ખેતરમાંથી નીકળવા બાબતે ચાર શખ્સોએ એક ઈસમ સાથે ઝઘડો કરી માર મારી તેમના મકાનને નુકશાન પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી આ ચારેય જણા વિરુદ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવા પામી હતી.

આ અંગે સારોલી ગામના મહેન્દ્રકુમાર સોમાજી મોડિયાએ વિજયનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ સોમવારે નાતાલના દિવસે તેમના જ ગામના સોમાજી અજમલજી મોડિયા, જવાનજી સોમાજી મોડિયા, કલ્પેશજી સોમાજી મોજિયા અને ચંપાબેન કલ્પેશજી મોડિયાએ ભેગા મળી મહેન્દ્રકુમાર મોડિયાને અમારા ખેતરમાં થઈ કેમ નીકળો છો તેમ કહી ધારીયાના હાથાવડે હુમલો કર્યો હતો. અને કુહાડીથી મહેન્દ્રકુમારને છાતીના ભાગે ગોદા મારી ઈજા પહોંચાડી તેમના મકાનમાં દરવાજાને તોડી નાખી નૂકશાન પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી મહેન્દ્રકુમાર મોડિયાએ ચારેય જણા વિરુદ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# પ્રાંતિજ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ તથા વાલ્મિકી સમાજ દ્વારા આવેદનપત્ર આપ્યું

## તાલુકા સેવા સદન ખાતે પ્રાંન્ત અધિકારીને આવેદનપત્ર આપ્યું : સૂત્રોચ્ચાર સાથે વિરોધ કરી આવેદનપત્ર આપ્યું : ફિલ્મ અભિનેતા સલમાન ખાન અને શિલ્પા શેટ્ટીએ વાલ્મિકી સમાજ ઉપર કરેલ ટીપ્પણીના વિરોધમાં આવેદનપત્ર

પ્રાંતિજ, તા. ૨૬

ફિલ્મ અભિનેતા સલમાન ખાન અને શિલ્પા શેટ્ટી એ વાલ્મિકી સમાજ ની લાગણી દુભાવતા કરેલી ટિપ્પણી ના વિરોધ રાજય ભરમાં ચાલી રહ્યાં છે અને તેના ઘેરા પ્રત્યાઘાતો પડયા છે ત્યારે સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે પણ વિશ્વ હિન્દુ પરિષદ અને વાલ્મિકી સમાજ દ્વારા આવેદનપત્ર આપ્યું.



પ્રાંતિજ ખાતે પણ ફિલ્મ અભિનેતા સલમાન ખાન અને ફિલ્મ અભિનેત્રી શિલ્પા શેટ્ટી એ વાલ્મિકી સમાજ ઉપર કરેલ ટીપ્પણી ને લઈને વાલ્મિકી સમાજ ખફા થયો છે તો હિન્દુઓ ઉપર થયેલ ટીપ્પણી ને લઈને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પણ વિરોધ કરવામાં આવ્યો છે તો વાલ્મિકી સમાજ અને વિશ્વ હિન્દુ પરિષદ કાર્યકરો આગેવાનો ભેગા મળીને પ્રાંતિજ તાલુકા સેવા સદન ખાતે આવી સૂત્રોચ્ચાર કરી વિરૂધ્ધ દર્શાવી પ્રાંતિજ-તલોદના પ્રાંન્ત અધિકારી એ.આર. ચૌધરીને આવેદનપત્ર પાઠવ્યું હતું અને ન્યાયની ગુહાર લગાવી હતી અને બન્ને કલાકારો એ વાલ્મિકી સમાજની લાગણી દુભાવી તેવા અપમાનિતા શબ્દો ઉચ્ચારતાં વાલ્મિકી સમાજ ખફા થયો છે તો વિશ્વ હિન્દુ પરિષદ પણ હિન્દુ ઉપર થયેલ ટીપ્પણી ને લઈને વિરોધ નોંધાવ્યો છે અને ભેગા મળી બન્ને કલાકરો સામે વિરોધ દર્શાવ્યો હતો જેમાં મહંત સુનીલદાસજી મહારાજ, વિશ્વ હિન્દુ પરિષદ પ્રમુખ સરદારજી મકવાણા, નટુભાઈ બારોટ, જી.એસ.પટેલ, પ્રસારાજા,



આર.કે.ચૌહાણ સહિત આગેવાનો કાર્યકર્તાઓ ઉપસ્થિત રહીને આવેદનપત્ર આપીને બન્ને કલાકારો સામે યોગ્ય કાર્યવાહી થાય તેવી માંગ કરી છે.

## હિંમતનગર સિવિલ સર્કલ પાસે સામાન્ય બાબતે ઝઘડો કરી માર મારતા સાત વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૨૬

હિંમતનગરના સિવિલ સર્કલ પાસે રવિવારે સામાન્ય બાબતે ઝઘડો કરી અમારા વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં કેમ અરજી આપી છે તેમ કહી સાત જણાએ એક ઈસમને ગડદા પાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી આ સાતેય જણા વિરુદ્ધ સોમવારે હિંમતનગર બી - ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

આ અંગે મોતીપુરાના ચંદ્રનગરમાં રહેતા દિલીપભાઈ હાલાજી ભાટને નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ રવિવારે હિંમતનગરના સિવિલ સર્કલ પાસે ભેગા થયેલા અનિલભાઈ શ્રવણભાી ભાટ, દિપુભાઈ શ્રવણભાઈ ભાટ, સંજયભાઈ જોયતાજી ભાટ, રાજુભાઈ જોયતાજી ભાટ, જશવંતજી ગેવરજી ભાટ, દશરથજી પરબતજી ભાટ અને ભાવેસભાઈ મોટાભાઈ ભાટએ ભાટવાસમાં રહેતા અશોકભાઈ હાલજી ભાટને કહ્યું હતું કે તે અમારા વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં કેમ અરજી આપી હતી. જેથી દિલીપભાઈ ભાટે સાતેય જણા વિરુદ્ધ સોમવારે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.



ખેડબ્રહ્મા તાલુકાના પરોયા ગામના અગ્રણી ડાૅ.નટુભાઈ વર્મા એન.એસ.એસ.વિભાગમાં પ્રશંસનીય કામગીરી બદલ રાષ્ટ્રીય એવોર્ડ ધ્વારા રાષ્ટ્રપતિના વરદ્ હસ્તે સન્માન કરાયું હતું. ડાૅ.નટુભાઈ વર્મા ગુજરાત યુનિ.એન.એસ.એસ.વિભાગમાં કો.ઓ.તરીકે સેવાકીય પ્રવૃત્તીઓમાં અગ્રેસર છે. વૃક્ષારોપણ, મેડીકલ ક્લેમ, જનજાગૃતી, યુવા જાગૃતી, સ્વચ્છતા અભિયાન સહિત વિવિધ સેવાકીય પ્રવૃતીમાં સરાહનીય કામગીરી બજાવનાર ડાૅ.નટુભાઈ વર્માને રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિના વરદ્ હસ્તે એવોર્ડ અર્પણ કરાયો હતો. સાબરકાંઠા જીલ્લા સહિત ખેડબ્રહ્મા તાલુકાના પરોયા ગામનું ગૌરવ ગુજરાતભરમાં વધારતાં આનંદની લાગણી પ્રસરી છે.

# ચડોતરની યુવતી પર પ્રેમીએ દુષ્કર્મ આચર્યું હોવાની રાવ

## ચાર વર્ષ બાદ દુષ્કર્મ કરી સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરનાર પ્રેમી સામે ફરિયાદ

પાલનપુર તાલુકાના ચડોતર ગામની એક યુવતીએ ચાર વર્ષ બાદ તેના પ્રેમી ઉપર દુષ્કર્મ તેમજ સૃષ્ટિ વિરૂધ્ધના કૃત્યની ફરિયાદ નોંધાવતાં ચકચાર મચી જવા પામી છે. આ અંગે પોલીસે સામઢીનાઢાણીવાસના શખ્સ સહિત ચાર સામે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, ચડોતર ગામની એક યુવતી સાથે સામઢી (નાઢાણીવાસ)ના મનીષકુમાર અંબારામભાઈ પ્રજાપતિએ પ્રેમ સબંધ બાંધ્યો હતો. અને નોકરીની લાલચ આપી ઓરીજનલ લીવીંગ સર્ટી તથા અન્ય દસ્તાવેજી કાગળો લાગવગ માટે આપવા પડશે તેમ કહી આ કાગળોના આધારે લગ્ન નોંધણી કરાવ્યા હતા. અને ગત નવરાત્રીમાં રાત્રીના સમયે ખાનગીવાહનમાં આવી નૈલેષભાઈ વિરચંદભાઈ પ્રજાપતિ, કલ્પેશભાઈ વિરચંદભાઈ પ્રજાપતિ, વિરચંદભાઈ શંકરભાઈ પ્રજાપતિની મદદથી અપહરણ કર્યુ હતુ. અને બાર દિવસ સુધી અજ્ઞાત સ્થળે લઈ જઈ મનીષ પ્રજાપતિએ તેણીની ઉપર અવાર- નવાર દુષ્કર્મ આચર્યુ હતુ. તેમજ સૃષ્ટિ વિરુધ્ધનું કૃત્ય કર્યુ હતુ.

# પાલનપુરમાં આશાવર્કરોની માંગણીઓને લઈને લડત ઉગ્ર બને તેવા એંધાણ

પાલનપુરમા આશાવર્કરોની પડતર માંગણીઓને લઈ મિટિંગ મળી હતી. જેમાં ગુજરાત કોન્ટ્રાક્ટ અને સંઘર્ષ સમિતિ ના મહિલા પ્રમુખ હાજર રહ્યા હતા અને આશા વર્કરોની માંગને લઈ લડત ઉગ્ર બનાવવાના અણસાર આપ્યા હતા. વર્કરોની લડત હવે ઉગ્ર રૂપ ધારણ કરે એવા અણસાર વર્તાઈ રહ્યા છે. સરકારે આશા વર્કરોને માત્ર લોલીપોપ આપી હોવાની બુમરાણ સાથે પાલનપુર જિલ્લા પંચાયત પ્રાગણમાં આશા વર્કરોની માગણીઓને લઈ મિટિંગ મળી હતી.જોકે, અગાઉ પણ આશા વર્કરો દ્વારા રાજ્ય વ્યાપી આંદોલન ચલાવાયું હતું. જેમાં ચૂંટણીને લઈ સરકારે આશાઓ ના વેતન મા વધારો કર્યો હતો. પરંતુ આશા વર્કરો આ સહાય ને સરકાર ની લોલીપોપ ગણાવી કાયમી કરવાની માંગ સાથે લડાયક મૂડ મા છે. આશા વર્કરોએ જિલ્લા પંચાયતની ચૂંટણીઓ પર પણ વિપરીત પરિણામ આપવાની ચીમકી સાથે આશા વર્કરોની માંગણી નહીં સંતોષાય તો ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી.